## સંક્ષિપ્ત સમાચાર

### ખતલવાડામાં ખારપટ જમીનમાં સોલિટ વેસ્ટ ઠાલવી ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવી દેવાતા GPCBની તપાસ



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામના ખતલવાડામાં ખારપટ જમીનમાં સોલિટ વેસ્ટ ઠાલવી ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવાતા પંચાયતને નોટિસ આપી GPCB એ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના ખતલવાડા ગામમાં ખારપટ જમીનમાં પુરાણ કરી ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યું છે. આ ગ્રાઉન્ડના ખાડા પુરવા બહારથી સોલિટ વેસ્ટ લાવી ઠાલવવામાં આવ્યો હોય આ અંગેની જાણ સરીગામ જીપીસીપીને થતા તેઓ સ્થળ પર આવી તપાસ હાથ ધરી હતી અને ખતલવાડા ગ્રામ પંચાયતને પણ નોટિસ આપી હતી અને આ સમગ્ર બાબતે ઉમરગામ નારગોલ મરીન પોલીસ અને વલસાડ જિલ્લા કલેક્ટરને જીપીસીપી દ્વારા જાણ કરવામાં આવી છે.

### વિજલપોરમાં રસ્તામાં પડી જતા યુવાનનું મોત

નવસારી : વિજલપોરમાં રસ્તામાં અચાનક પડી જતા યુવાનનું મોત નીપજ્યાનો બનાવ વિજલપોર પોલીસ મથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, વિજલપોર રામનગર-1 નીલકંઠ આર.ઓ. ની બાજુમાં અશોકભાઈ સુખદેવભાઈ યાદવ (ઉ.વ.આ. 35) તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત 27મીએ સાંજે અશોકભાઈ તેમના ઘરેથી નીકળી કામકાજ અર્થે જતા હતા. દરમિયાન અશોકભાઈ વિજલપોર જોડીયાવાડ પાસે મહાલક્ષ્મી ડેરી સામેથી પસાર થતા હતા. ત્યારે અશોકભાઈ અચાનક પડી જતા બેભાન થઈ ગયા હતા. જેથી સ્થળ પર ભેગા થયેલા લોકોએ તેમને બેભાન અવસ્થામાં નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે અજય યાદવે વિજલપોર પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હે.કો. અજયભાઈને સોંપી છે.

### વલસાડના જૈન શ્રાવક 39 દિવસથી અન્નજળના ત્યાગ બાદ કાળધર્મ પામ્યા



વલસાડ : વલસાડમાં બેંક ઓફ બરોડામાં સર્વિસ કરતા અને બાકીના સમયે વિદ્યાર્થીઓનું ટ્યુશન લઇ જીવન વ્યતિત કરતા વિક્રમભાઇ દેવેન્દ્રભાઇ શાહે સંથારો લઇ પોતાનો જીવ ત્યાગ્યો હતો. તેમણે મૃત્યુને મહોત્સવ બનાવી દુનિયામાંથી વિદાય લીધી હતી. તેમની પાલખી યાત્રામાં મોટી સંખ્યામાં જૈન બંધુઓ જોડાયા હતા. વલસાડના વિક્રમભાઇ શાહને 70 વર્ષે કેન્સર થયું હતુ. જેમને વલસાડની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. જેમને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા હતા. જેમના સ્વસ્થ થવાની શક્યતા ન હોય તેમનું વેન્ટીલેટર કાઢવાનું નક્કી કર્યું હતુ. ત્યારબાદ તેઓ વલસાડ તેમના ઘરે પરત આવ્યા અને તેમણે સંથારો (અન્ન જળનો ત્યાગ) કરવાનું નક્કી કર્યું હતુ. આ સંથારો લેતા તેઓ 39 દિવસ બાદ તેનો જીવ ત્યાગ્યો હતો. જેમની પાલખી યાત્રા વલસાડ તેમના ઘરેથી નિકળી હતી. જેમાં ડો. પ્રકાશચન્દ્રજી સ્વામીના સુશિષ્યા શાસન પ્રભાવિકા ઝરણા કુમારીજી મહાસતીજી મુંબઇથી પધાર્યા હતા. તેમની પાલખી યાત્રા તિથલ દરિયા કિનારે લઇ જવાઇ હતી. જ્યાં તેમને સમાધિ અવસ્થામાં અગ્નિદાહ અપાયો હતો.

## રેશન કાર્ડમાંથી અનાજ લાવવાની બાબતે પરિવારનો ઝઘડો પોલીસમથકે પહોંચ્યો

વલસાડઃ વલસાડના ગાડરિયા ગામે રહેતા એક પરિવારના નાના પુત્રએ રેશનકાર્ડમાં મારા નામનું અનાજ કેમ લાવો છો, કહી માતા સાથે જ ઝઘડો કર્યો હતો. આ ઝઘડો એટલો મોટો થયો કે મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના ગાડરિયા ગામે રહેતા પાર્વતીબેન ઉર્ફે પાલીબેન રમેશભાઇ પટેલ (ઉં.વ.65) તેમના ઘરે હતા. ત્યારે તેનો નાનો પુત્ર રાહુલ ઘરે આવ્યો અને તેમને અને તેમના મોટા દિકરાની વહુ સાથે ઝઘડો કરવા લાગ્યો હતો કે, તમે મારા રેશનકાર્ડમાં કેમ અનાજ લાવો છો. એવું કહી ઉગ્ર ઝઘડો કરતાં મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. જ્યાં પોલીસે પાલીબેનની ફરિયાદ લઈ તેના પુત્ર રાહુલ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધરમપુર-કપરાડામાં અસ્ટોલ યોજનાનું પાણી મળતું નથી

**ધરમપુર** તાલુકામાં ચેકડેમનું કાર્ય વન વિભાગે અટકાવ્યું હોવાના પ્રશ્ને ચર્ચા

**વલસાડ** જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અસ્ટોલ યોજનાનું પાણી નહીં મળવાનો મુદ્દો, પાળા બનાવવાના મુદ્દા ચર્ચાયા

**એક** રાષ્ટ્ર એક ચૂંટણીના સમર્થનનો પ્રસ્તાવ રજૂ થતાં સર્વાનુમતે ઠરાવ મંજૂર કરાયો




વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતની સામાન્ય સભા સોમવારે જીએમઈઆર એસ મેડિકલ કોલેજ કેમ્પસ જૂની નર્સિંગ કોલેજ ખાતે જી.પં.પ્રમુખ મનહર પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં પણ ધરમપુર અને કપરાડા તાલુકામાં અસ્ટોલ યોજનાનું પાણી નહીં મળવાનો મુદ્દો, ઉમરગામના દારૂઠા નદીમાં બિલ્ડર દ્વારા ઊંચા પાળા બનાવવાનો મુદ્દો, જિલ્લામાં ઔદ્યોગિક આકારણી રીવાઈઝ મુદ્દો, પીપલપાડા શાળા જમીનમાં દબાણ, સિંચાઇ વિભાગના ચેકડેમ કોઝવેની કામગીરી વન વિભાગે અટકાવી હોવા સહિતના મુદ્દાઓ ચર્ચાયા હતા. સભાની શરૂઆતમાં પહેલગામ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી મૌન પાળવામાં આવ્યું હતું. ઉપરાંત એક રાષ્ટ્ર એક ચૂંટણીના સમર્થનમાં પ્રમુખ સ્થાનેથી પ્રસ્તાવ રજૂ થતાં સર્વાનુમતે ઠરાવ મંજૂર કરાયો હતો. જિ. પં.ના નવા નિર્માણાધિન મકાનમાં ફર્નિચર માટે જિ.પં.ના સ્વભંડોળમાંથી રૂપિયા 8 કરોડ ફાળવવા રજૂઆત કરાઈ હતી. બાંધકામ સમિતિ અધ્યક્ષ ભરત જાદવે જણાવ્યુ હતુ કે જિલ્લા અને સ્ટેટ માર્ગો નિર્માણમાં કુદરતી વહેણ પૂરી દેવાતા ચોમાસામાં માર્ગો ઉપર પાણી ભરાવાની ગંભીર સમસ્યા ઊભી થાય છે, સાથે ખાનગી એજન્સીઓ દ્વારા પણ વિશેષ કરી ઉમરગામ વિસ્તારોમાં આ પ્રકારની કામગીરીને અટકાવવી જરૂરી છે.

ઔદ્યોગિક આકારણી રિવાઈઝ નહીં થતાં ગ્રામ પંચાયતોને આર્થિક નુકશાન થાય છે. વિશેષ કરી ઉમરગામના ગ્રામ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગ ગૃહો હોઈ આકારણી રિવાઈઝ કરવી જરૂરી છે. ઘન કચરાના નિકાલ માટે જગ્યા ફાળવવાની રજૂઆત કરી હતી. ડીડીઓ અતિરાગ ચાપલોતે સભ્યોની રજૂઆત સંદ્રભે ઘટતું કરવા અને જિલ્લાને સ્વચ્છતા અભિયાનમાં સર્વ શ્રેષ્ઠ બનાવવા સહયોગની અપેક્ષા કરી હતી.

### શાળાની જગ્યામાં ખાનગી ઈસમે કરેલું દબાણ દૂર કરવા રજુઆત

જિ.પં.ના ધરમપુર તાલુકાના બોપી બેઠકના સભ્ય કાકડ ગાંવિતે અસ્ટોલ યોજનાનું પાણી વિસ્તારમાં નહીં મળવાને લઈ મનુષ્ય સાથે મૂંગા પ્રાણીઓની મુશ્કેલીઓ વધી હોવાની રજૂઆત કરી હતી. પીપલપાડા ગ્રામપંચાયતની શાળા માટેની જગ્યામાં ખાનગી ઈસમ દ્વારા કરાયેલું દબાણ દૂર કરવા, સિંચાઇ વિભાગના નિર્માણાધિન ચેકડેમ કોઝવેને ઉત્તર વન વિભાગ દ્વારા અટકાવવાને લઈ ઊભી થયેલી મુશ્કેલી, બોર્ડર ગામ બિલ્ધા ખાતે 1 થી 4 ધોરણની શાળામાં 125 વિદ્યાર્થી હોઈ 5 થી 7 ના વર્ગો શરૂ કરાવવા રજૂઆત કરી હતી.

## ડાંગના શિવઘાટમાં મધપૂડો તૂટી પડતા મધમાખીઓએ અનેક વાહનચાલકોને ડંખ માર્યા

**મહારાષ્ટ્રના** ફેરીયાને માખીઓએ લગભગ 150 જેટલા ડંખ મારતા આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો

**બનાવના** પગલે આહવા-વઘઈ માર્ગ પર લગભગ એકથી બે કલાક સુધી ભારે અવ્યવસ્થા સર્જાઈ



સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા-વઘઈ માર્ગ પર સોમવારે સવારે અંદાજે 8 વાગ્યાના અરસામાં એક અણધારી ઘટના બની હતી. શિવઘાટનાં વળાંક પાસે એક મોટો મધપૂડો અચાનક તૂટી પડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મધપૂડો તૂટતા જ ગુસ્સે ભરાયેલી માખીઓએ રસ્તા પરથી પસાર થતા વાહનોને પરેશાન કરવાનું શરૂ કરી દીધુ હતુ. આ ઘટનામાં સૌથી વધુ ભોગ ટુ-વ્હીલર ચાલકો બન્યા હતા, જેમાંથી ઘણા લોકોને મધમાખીઓએ ભારે ડંખ માર્યા હતા. મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના એરડોલ તાલુકાના કાસોડા ગામનો રહેવાસી કાલેફ અલી સૈયદ કપડા અને ચાદર વેચે છે, તેને માખીઓએ લગભગ 150 જેટલા ડંખ માર્યા છે. તેમની ગંભીર હાલતને જોતા તાત્કાલિક આહવાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓ હાલમાં 24 કલાક ઓબ્ઝર્વેશન હેઠળ છે. આ બનાવના પગલે આહવા-વઘઈ માર્ગ પર લગભગ એકથી બે કલાક સુધી ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. ગુસ્સે ભરાયેલી માખીઓના ત્રાસથી બચવા માટે કેટલાક ટુ-વ્હીલર ચાલકોએ આહવા કે વઘઈ જવા માટે ધોઘલી, સુંદા, સતી ગામના માર્ગ થઈને ભવાનદગડના રસ્તાનો ઉપયોગ કરતા પણ જોવા મળ્યા હતા.

જો કે, બે-ત્રણ કલાક બાદ જ્યારે મધપૂડાની માખીઓ શાંત થઈને જતી રહી, ત્યારે આ માર્ગ પરથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાએ એક વખત તો આહવા-વઘઈ માર્ગ પર ભયનો માહોલ ઊભો કરી દીધો હતો.

## વાપી મોરાઈની આલોક કંપનીમાં બોમ્બ મૂકાયાની અફવાથી દોડધામ

**વલસાડ** જિલ્લાના પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ

**કામદારોને** સ્થળ ખાલી કરાવી કંપનીના ખૂણે ખૂણે સઘન તપાસ હાથ ધરાતા વિસ્ફોટક સામાન કે બોમ્બ મળ્યો નહીં





વાપી : વાપી નજીક આવેલા મોરાઈ ગામના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી આલોક કંપનીમાં સોમવરે અચાનક બોમ્બ મૂકાયાની અફવા ફેલાતા દોડધામ મચી ગઈ હતી. રાબેતા મુજબ કંપનીમાં કામદારો પોતાની નોકરી પર હાજર રહ્યા હતા, તે દરમિયાન વલસાડ પોલીસ કંટ્રોલ રૂમને વોટસએપ મારફતે સંદેશો મળ્યો કે કંપનીમાં બોમ્બ મૂકાયો છે.

મેસેજ મળતાં જ વલસાડ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને બોમ્બ સ્ક્વોડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. તાત્કાલિક પગલાં રૂપે કંપનીના તમામ કામદારોને સુરક્ષાની દ્રષ્ટિએ સ્થળ ખાલી કરાવવામાં આવ્યા અને તેમને છૂટ્ટી આપી દેવામાં આવી હતી. અચાનક ઉભી થયેલી પરિસ્થિતિને લઈને કંપની સંચાલકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

પોલીસ અને બોમ્બ નિપુણ દળે કંપનીના દરેક ખૂણે ખૂણે સઘન તપાસ હાથ ધરી હતી. સ્પેશિયલ ટીમ દ્વારા મેટલ ડિટેક્ટર અને બીજા સાધનોની મદદથી તપાસ કરાઈ. લાંબી તપાસ બાદ કોઈ પણ પ્રકારનો વિસ્ફોટક સામાન કે બોમ્બ મળ્યો ન હતો. જેથી આખરે આ સમગ્ર ઘટના એક ખોટી અફવા સાબિત થઈ હતી. આ અંગે ખોટો મેસેજ મોકલનાર ઈસમની પોલીસ ટીમ દ્વારા ઓળખ કરવામાં આવી રહી છે અને કાયદેસરની કાર્યવાહી કરાશે.

## માલેગામની એકલવ્ય મોડેલ સ્કૂલનાં પ્રોટેક્શન વોલનાં બાંધકામને પગલે ગ્રામજનોમાં આક્રોશ

**ડાંગ** પ્રાયોજના અધિકારીની ટીમે સ્થળ પર દોડી જઈ મામલો થાળે પાડ્યો

**જે** જગ્યા પર શાળા દ્વારા પ્રોટેક્શન દિવાલ બનાવવામાં આવી રહી છે તે ગામતળની જમીન હોવાથી વિરોધ નોંધાવ્યો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારાનાં તળેટીય વિસ્તારમાં આવેલા માલેગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. માલેગામની એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ દ્વારા શાળાની સુરક્ષા માટે પ્રોટેક્શન વોલનું બાંધકામ હાથ ધરવામાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને તેઓએ આ કામગીરીનો સખત વિરોધ નોંધાવ્યો હતો.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, જે જગ્યા પર શાળા દ્વારા પ્રોટેક્શન દિવાલ બનાવવામાં આવી રહી છે તે ગામતળની જમીન છે અને વર્ષોથી આ જગ્યાનો ઉપયોગ ગામમાં થતા શુભ પ્રસંગો જેવા કે લગ્ન તથા અશુભ પ્રસંગો અને ધાર્મિક આયોજનો માટે કરવામાં આવતો હતો. તેમના બાપદાદાનાં સમયથી તેઓ આ જગ્યા પર વિવિધ ધાર્મિક વિધિઓ અને સામાજિક કાર્યો કરે છે. આવી સ્થિતિમાં શાળા દ્વારા કોઈપણ પૂર્વ સૂચના વગર જ આ જગ્યા પર દિવાલ બનાવવાનું શરૂ કરવામાં આવતા સ્થાનિકોની ધાર્મિક લાગણી દુભાઈ છે. અને નારાજગી જોવા મળી રહી છે. જ્યારે શાળા દ્વારા કમ્પાઉન્ડ વોલનું કામ શરૂ કરવામાં આવ્યું ત્યારે ગામના લોકો એકત્ર થઈ ગયા હતા.અને તેમણે બાંધકામનો સખત વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનોએ માંગ કરી હતી કે ગામતળની આ જમીન પર કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં ન આવે અને લોકોની ધાર્મિક લાગણીઓને માન આપવામાં આવે. તેઓનું કહેવું છે કે આ જગ્યા તેમના માટે આસ્થાનું કેન્દ્ર છે અને તેના પર બાંધકામ કરવું યોગ્ય નથી. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર દ્વારા આ બાંધકામ રોકવામાં નહીં આવે તો તેઓ આંદોલન કરવા માટે પણ તૈયાર છે.

જોકે આ બાબતની ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર કચેરીનાં અધિકારીઓને જાણ થતા તેઓ તત્કાલિક ધોરણે સ્થળ પર દોડી આવ્યા હતા. અને અધિકારીઓ દ્વારા ગ્રામજનોને સમજાવવામાં આવ્યા હતા. તેમજ આ જગ્યા છોડીને બાંધકામ કરવામાં આવશે એવી બાંહેધરી પણ અધિકારીઓએ આપી હતી. જે બાદ આ સમગ્ર મામલો શાંત પડ્યો હતો.

## ડાંગના યુવાને ૧૭,૫૦૦ ફિટની ઊંચાઈનાં કાબરૂ શિખરે તિરંગો લહેરાવ્યો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ચિરાપાડા ગામનો ભોવાન રાઠોડ હિમાલય માઉન્ટેન ઈન્સ્ટિટ્યૂટ-દાર્જિલિંગ ખાતે તાલીમ પૂર્ણ કરી માઉન્ટ એવરેસ્ટ સર કરવાની તાલીમમાં પસંદગી પામ્યો છે. ભોવાન રાઠોડને પર્વતારોહકની તાલીમ માટે પશ્ચિમ બંગાળ અને ભારત સરકારની ડિફેન્સ મિનિસ્ટ્રી હસ્તક ચાલતી પર્વતારોહક સંસ્થાન HMI હિમાલય માઉન્ટેન ઈન્સિટ્યૂટ, દાર્જિલિંગ ખાતે પસંદગી થઈ હતી. અહીં ટ્રેનિંગ બાદ ૧૩ કિલોમીટર શિખર રનિંગ ચડાણ વેટ લોડ ફેરીમાં હાઈ અલ્ટિટુટ પર ૩ કલાકમાં પૂરી કરવાની હતી.

જેમાં ભોવાન રાઠોડ ૧૬ કીલો અને ૭૦૦ ગ્રામના વજન સાથે માત્ર ૨ કલાકમાં જ રનિંગ પૂર્ણ કરી, નવો રેકર્ડ પ્રસ્થાપિત કર્યો છે. ભોવાન રાઠોડે ૧૭,૫૦૦ ફિટની ઊંચાઈનાં કાબરૂ શિખરની ટોચ પર ભારત દેશનો તિરંગો લહેરાવ્યો હતો. આ શિખર સર કરતાં ભોવાન રાઠોડને ગુજરાત સરકાર ૩૦ હજારના રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે. ભોવાન રાઠોડ બીએસએફ, આર્મી, નેવી કમાન્ડોની પહેલી ટીમમાં પસંદગી થઈ નવો રેકર્ડ પ્રસ્થાપિત કરતાં, તેઓની ગ્લેશિયર ખાતે માઉન્ટ એવરેસ્ટ માટેની ટ્રેનિંગ માટે પસંદગી કરવામાં આવેલી છે.

## ખડસુપા બોર્ડિંગ બ્રિજ પાસે વાહન અડફેટે વૃદ્ધનું મોત

નવસારી : ખડસુપા બોડીંગ બ્રિજ પાસે અજાણ્યા વાહન અડફેટે વૃદ્ધનું મોત નીપજ્યુ હતુ. ચીખલીના નોગામા ગામે રહેતા ઈશ્વરભાઈ તેમના મિત્ર સુરેશભાઈ પટેલને મળવા તેમના ઘરે ગયા હતા. દરમિયાન પરત ઘરે આવતા ઈશ્વરભાઈ નેશનલ હાઈવે નં. 48 ઉપર ખડસુપા બોર્ડીંગ બ્રિજ પાસેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે ઈશ્વરભાઈને ટક્કર મારતા તેમને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ ઘટના સ્થળે ભેગા થયેલા લોકોએ તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં ઈશ્વરભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

## સોલધરામાં આરસી પટેલ દ્વારા 1લી મે એ વિશ્વ કામદાર દિવસ ઉજવાશે



દક્ષિણ ગુજરાતમાં છેલ્લા 35 વર્ષથી સામાન્ય વર્ગ અને શ્રમજીવીઓ માટે લડત આપતા કામદાર નેતા આરસી પટેલ ઉદ્યોગગૃહો સહિત ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક, રાજકીય અને સેવાકીય ક્ષેત્રે પણ મોભો ધરાવે છે. તેઓનો પહેલાથી જ એક દ્રઢ સંકલ્પ રહ્યો છે કે કારખાના બંધ કરીને નહિ પણ ઉદ્યોગ એકમના વિકાસની સાથે શ્રમજીવીઓને પણ તેઓના હકક મળે અને તેમનું જીવન ધોરણ સુધરે. પોતાના અતિશુદ્ધ આત્મસમ્માન સાથે સંસ્કાર, જીવન મૂલ્યો અને કૌશલ્યોનું ઘડતર કરનાર આરસી પટેલ આગવી અને અનન્ય છાપ ધરાવતી વ્યક્તિ છે. શ્રી આરસી પટેલ નિખાલસ વ્યક્તિત્ત્વ અને સાલસ સ્વભાવ ધરાવે છે. દક્ષિણ ગુજરાતના અંકલેશ્વરથી ઉમારગામની ઔદ્યોગિક વસાહતમાં છેલ્લા 35 વર્ષથી સફળ કામદાર પ્રવૃત્તિ કરી આરસી પટેલે કામદાર આલમમાં મોટી ક્રાંતિ સર્જી છે.

આરસી પટેલ હંમેશા પોતાના વક્તવ્યમાં એક વાત કહેતા આવ્યા છે કે, મને ગૌરવ છે કે હું ભારતીય છું, મને દ્રઢ વિશ્વાસ છે કે મારો દેશ વિકાસની રાહે ઉન્નતીના શિખરો સર કરી રહ્યો છે, નવી ઉંચાઈઓ વૈશ્વિક સ્તરે હાંસલ કરશે, મને ગૌરવ છે મારા ખુદ પર કે હું આ ભવ્ય ભારત દેશમાં જન્મયો છું અને સમાજના લોકોને મદદરૂપ થવાનું અહોભાગ્ય મને પ્રાપ્ત થયું છે. સાથે સાથે એ ગૌરવ મારું બમણું થઈ જાય છે કે ભારતીય હોવાની સાથે સાથે હું ગુજરાતી પણ છું, જે દેશે મને મહાન વિરાસત આપી મહાન સંસ્કૃતિ આપી, ભાઈચારાની ભાવનાઓ આપી, માનવતાના મુલ્યો આપ્યા અને અનેક વિદ્યાનો આપ્યા એ દેશ માટે મને ગૌરવ છે.

તા.1લી મે ને ગુરુવારનાં રોજ સવારે 10 કલાકે વિશ્વ કામદાર ડે અને ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે કામદાર સંમેલનમાં વિવિધ એકમોનાં માલિકો, મેનેજરો, સંચાલકો અને સંબંધિત કામદારો પણ હાજર રહેશે.જેમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ, ગુજરાતમાં ઉદ્યોગોની સ્થતિ અને આવનારા દિવસોમાં એનુ ભવિષ્ય, મજુરોનાં હકકો અને ફરજો એવા વિવિધ વિષયો પર જુદા જુદા નિષ્ણાંતો એમના વિચારો રજુ કરશે.

### સાપુતારાનાં ગાર્ડન નજીક પિકઅપ પલટી



ગિરીશ ભોયે

સાપુતારા : મહારાષ્ટ્રનાં નાશીકથી ખાલી કેરેટ લઈ કેરીનો જથ્થો ભરવા વલસાડ જઈ રહેલી પિકઅપ સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા મિલેનિયમ ગાર્ડન નજીક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા પિકઅપ ગાડી માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો છે.

### જાહેર હરાજી

**મોજે મોટા ફ.વર્ગશાળા દોલધા તા. વાંસદા જી. નવસારીના જર્જરિત ઓરડા ૩ (ત્રણ) તોડવા માટેની જાહેર હરાજી તા. ૦૭/૦૫/૨૫ બુધવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા તમામને સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે.**

**નોંધ- હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.**

**હરાજીનું સ્થળ;**
**મોટા ફ.વર્ગશાળા દોલધા**
**તા. વાંસદા જી. નવસારી**

**SMC મોટા ફ.વર્ગશાળા**
**દોલધા**
**તા. વાંસદા જી. નવસારી**


અકલ્પનીય ડિસ્કાઉન્ટનો લાભ લેવાનું ચુકશો નહિ.



સ્કીમ આવતી કાલે સોમવારથી ચાલુ થશે.

દરેક ગ્રાહકને 10 ગ્રામ સોનાના દાગીનાની દરેક ખરીદી પર એક્સ્ટ્રા ₹2000/- ડાયરેક્ટ ડિસ્કાઉન્ટ

એટલે કે... 50 ગ્રામના દાગીના પર સીધા ₹10,000/-નું એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ

આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો.9825558181